# અંતર્દષ્ટિ, અનુસંધાન અને આચરણ

વિચાર, વાણી અને વર્તન.
દુનિયાભરનાં મનુષ્યોની પ્રવૃત્તિ અને નિવૃત્તિ
આ ત્રણ સાધન દ્વારા ચાલે છે.
આ ત્રણ સાધનના ઉપયોગની રીત, ગુણવત્તા અને સમય પર
તેનાં પરિણામ નિર્ભર છે.

તેમાંય, આખરે તો વર્તન જ વાતું કરે છે.
વિચાર અને વાણી ગમે તેટલાં ઉમદા હોય;
પરંતુ, જો વર્તનમાં ખોટ કે ઊણપ રહે, તો
પરિણામ પણ ઊણું ઊતરે.

અધ્યાત્મમાર્ગે ચાલતા સૌ માટે પણ આ
વાત એટલી જ લાગુ પડે છે, જેટલી વ્યાવહારિક
માર્ગની પ્રવૃત્તિઓ માટે તે પ્રસ્તુત છે.
જરા વધુ ઊંડાણથી વિચારીએ તો જણાશે કે,

આખરે કોઈ પણ વર્તનનું મૂળ તો વિચારમાં
જ રહેલું છે. વિચારનું જોઈ-અનુભવી
શકાય તેવું સ્વરૂપ તે વર્તન. તેથી, વિચાર અને
તેના સ્વરૂપ તથા ગુણવત્તાનું મહત્ત્વ ઘણું
છે. વર્ષો પૂર્વે પરમ પૂજ્ય સદ્‌ગુરુ અશ્વિનદાદાએ
તેથી જ આપણને વિચારમાં ગળણી મૂકવાની
વાત અને રીત સમજાવ્યાં હતાં. જાગ્રતતા સાથે
વિચાર પર ગળણી મૂકી શકીએ તો વર્તનના
મૂળને શુદ્ધ રાખી શકીએ; ભગવાન અને પ્રગટ
ગુરુહરિ રાજી થાય તેવાં જીવન જીવી શકીએ.
વિચાર પણ સામાન્ય રીતે અને બહુધા બે પ્રકારે વહે છે.

એક, અનિર્ધારિત પ્રવાહરૂપે -
જે કોઈ એક ધ્યેયની પ્રાપ્તિ અથવા ચિંતનના
વિષય પર એકાગ્ર નથી હોતા. અને
બીજો પ્રકાર છે જાગ્રતતાપૂર્વક કોઈ ધ્યેય, ચિંતનબિંદુ,
અથવા નિશ્ચિત બાબત પર એકાગ્રતાપૂર્વક
મનન-ચિંતન કરતા સ્થિર વિચારપ્રવાહ.

બીજા પ્રકારના વિચારપ્રવાહ માટે અનુસંધાન શબ્દ પ્રયોજાય છે.
આપણું મન જો કોઈ એક ધ્યેય સાથે સતત સંધાન સાધે, તો
એ ધ્યેયપ્રાપ્તિ અર્થેના સતત વિચાર આપણાં વર્તનને પ્રેરે અને દોરે.
ઘણાંનાં ધ્યેય ધન, સત્તા, કીર્તિ, જ્ઞાન કે વ્યક્તિ હોય છે, ત્યારે
તેઓ આ ધ્યેય પ્રતિ સતત અનુસંધાન સાધી
તેની પ્રાપ્તિના વિચારથી દોરવાઈ વર્તન-આચરણ કરતા રહે છે,
અવિરત મંડ્યા રહે છે.

તો, આપણા જીવનનું અંતિમ ધ્યેય શું ?
પ્રગટ ગુરુહરિની પ્રસન્નતાના ફળસ્વરૂપે પ્રાપ્ત
અખંડ, નિર્ભેળ આનંદની પ્રાપ્તિ સિવાયના
અન્ય બધાં જ ધ્યેયની પ્રાપ્તિ જે સુખ, જે ખુશી, જે મજા આપે છે
તે ન તો અખંડ રહે છે કે ન તો નિર્ભેળ હોય છે.
આપણાં વ્યક્તિગત અને સામાજિક જીવનના અનુભવે પણ
આ વાત આપણને સ્પષ્ટ સમજાય તેવી છે.
માટે, જીવનમાં અખંડ, નિર્ભેળ આનંદની પ્રાપ્તિ
જે આપણને મળ્યા છે તે પ્રગટ ગુરુહરિ સાહેબદાદાની
અંતરની પ્રસન્નતાના ફળસ્વરૂપે પ્રાપ્ત થાય છે તો
આપણું અનુસંધાન આપણા ગુરુહરિ સાહેબદાદાની
અંતરની પ્રસન્નતા હોય.



આ અનુસંધાનને સતત બળ મળે, એ વિચલિત ન થાય
તે માટે અખંડ અંતર્દષ્ટિ અનિવાર્ય છે.
અંતર્દષ્ટિ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના સિદ્ધાંતોના
આપણા આચરણ વિશે,
આપણા જાગ્રત વિચાર વિશે રાખીએ.
અંતર્દષ્ટિ ઉપાસના સિદ્ધાંતનાં આચરણ વિશે હશે,
તો જ્યાં ક્યારેક અવળા વિચાર આવશે કે તરત
અંતર્દષ્ટિ રૂપી ગળણી મુકાશે,
પ્રાર્થના અને ભજન,
સેવા અને સંત સમાગમથી બળ પુરાશે અને
ધ્યેય પ્રતિના અનુસંધાને પ્રસન્નતાપૂર્વક અને
સહજતા સાથે આગળ વધાશે.

તો, અંતર્દષ્ટિ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના સિદ્ધાંતોનાં
આચરણ પ્રત્યે રહો ;
અનુસંધાન પ્રગટ ગુરુહરિ સાહેબદાદા
અંતરથી રાજી થાય તેવા
વિચાર, વાણી, વર્તન પ્રત્યે રહો ; અને
વિચાર, વાણી અને વર્તનરૂપી આચરણમાં
ભગવાન, સાધુ અને ભક્તો પ્રત્યે મહિમાસભર
નિર્દોષબુદ્ધિ અને સુહૃદભાવ રહો
તેવી ગુરુ અને પ્રભુચરણે અખંડ પ્રાર્થના વહો !

◆

